સુવિચાર : વિજ્ઞાન આપણને બાહ્ય વિશ્વના નિર્માણમાં મદદ કરે છે તો આધ્યાત્મિકતા નૈતિક જીવનના નિર્માણમાં મદદ કરે છે - એ.પી.જે.કલામ

તાપમાન
મહત્તમ : ૩૨.૦ ડીગ્રી
લઘુતમ : ૧૧.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૮ ટકા ● સાંજે ૪૧ ટકા

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૨૯૬ | ૬ જાન્યુઆરી, ૨૦૧૬, બુધવાર ; માગશર વદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## પાક. એરબેઝ પર મોક ડ્રીલ કરીને ત્રાસવાદી આવ્યા હતા

મુંબઈ,તા. ૫

ભારતીય હવાઈ દળના પઠાણકોટ બેઝ પર ભીષણ હુમલાને અંજામ આપનાર ત્રાસવાદીઓએ પાકિસ્તાનના રાવલપિંડીમાં નુર ખાન એરફોર્સ બેઝ પર આની જોરદાર ટ્રેનિંગ લીધી હતી. ટોચના ગુપ્ચતર અધિકારીઓએ કહ્યુ છે કે આ છ ત્રાસવાદીઓએ નુરખાન એરબેઝમાં ઓછામાં ઓછા ચાર વખત મોક ઓપરેશન કરીને તમામ

**રાવલપિંડીમાં નુરખાન બેઝ પર ટ્રેનિંગ લીધી હતી : ત્રાસવાદીઓએ પઠાણકોટમાં હુમલો કરતા પહેલા ચાર વખત મોક ઓપરેશન કરીને તમામ તૈયારીઓ કરી હતી**

તૈયારી કરી હતી. આ ઉપરાંત પાકિસ્તાનના પંજાબમાં બહવાલપુરમાં તેમની ટ્રેનિંગ થઈ હતી. માનવામાં આવે છે કે ચાર ત્રાસવાદીઓને બહવાલપુરમાં ટ્રેનિંગ આપવામાં આવી હતી. બાકીના બે ત્રાસવાદીઓને નુરખાન એરબેઝમાં સઘન સુરક્ષા વ્યવસ્થા વચ્ચે ટ્રેનિંગ આપવામાં આવી હતી. હુમલામાં સફળતાની ખાતરી કરવા માટે ચાર

● અનુસંધાન પાન-૭ પર

# પઠાણકોટના આતંકી હુમલામાં પાકિસ્તાનનો હાથ



નવીદિલ્હી,તા. ૫

પઠાણકોટ પરના આતંકી હુમલામાં પાકિસ્તાનનો હાથ હોવાની શક્યતા નકારી શકાતી નથી. એનઆઈએની તપાસ દરમિયાન કેટલીક ચીજવસ્તુઓ પાકિસ્તાની હોવાનું પ્રાપ્ત થયું છે. ઉપરોક્ત વાત સરંક્ષણ મંત્રી મનોહર પારિકરે પત્રકાર પરિષદમાં કરી હતી. સાથોસાથ સંરક્ષણ સાથે સંકળાયેલા કેટલાક અધિકારીઓ નામ નહિ આપવાની શરતે મિડીયા સાથેની વાતચીતમાં કહ્યું હતું કે, સુરક્ષા એજન્સીઓ પાસે પુરાવાઓ પ્રાપ્ત થયા છે કે

**શહીદ જવાનોના પરિવારને તમામ સુવિધા : સેનાએ ત્રાસવાદીઓના ખતરનાક ઈરાદાને ખુબ મુશ્કેલ સંજોગ હોવા છતાં પણ સફળરીતે નિષ્ફળ બનાવી દીધો : પારિકર**

● અનુસંધાન પાન-૭ પર

## ત્રાસવાદના મુદ્દે વિશ્વની આંખમાં ધૂળ નાંખવાના શરીફના પ્રયાસ

**મોદીને ફોન કરી ત્રાસવાદી સામે પગલા લેવાની શરીફની ખાતરી : ત્રાસવાદીઓ સામે નિર્ણાયક પગલા લેવાની ખાતરી આપી હોવા છતાં મોદી નાખુશ**



નવીદિલ્હી,તા. ૫

પાકિસ્તાનના વડાપ્રધાન નવાઝ શરીફે પઠાણકોટના ભીષણ આતંકવાદી હુમલો કરવામાં આવ્યાના ચોથા દિવસે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ફોન કરીને હુમલા કેસમાં ચાલી રહેલી તપાસમાં સંપૂર્ણ મદદ કરવાની અને ટેકો આપવાની ખાતરી આપી હતી. નવાઝ શરીફે બપોરે ૩.૩૦ વાગે શ્રીલંકાથી મોદીને ફોન કર્યો હતો અને આ હુમલાને કઠોર શબ્દોમાં વખોડી કાઢ્યો હતો. આતંકવાદ સામેની લડાઈમાં પાકિસ્તાન ભારતની સાથે છે તેવી ખાતરી પણ આપી હતી. મોદીએ પઠાણકોટ ત્રાસવાદી હુમલાના સંદર્ભમાં ભારતની નારાજગી સ્પષ્ટપણે રજૂ કરી હતી. સોમવારના દિવસે એનએસએ અજીત દોવાલે પાકિસ્તાની સમકક્ષ સાથે હુમલાના સંદર્ભમાં માહિતીની આપલે કરી હતી. સાથે સાથે ત્રાસવાદીઓ સામે વિશ્વસનીય પગલાની રજૂઆત પણ કરી હતી. ભારત દ્વારા આપવામાં આવેલી માહિતીના આધાર પર પગલા લેવાઈ રહ્યા છે તેવી ખાતરી પણ પાકિસ્તાને આપી હતી. નવાઝ શરીફે મોદીને પઠાણકોટ ત્રાસવાદીઓ સામે નિર્ણાયક પગલા લેવાની ખાતરી આપી હતી. ભારત અને પાકિસ્તાન વચ્ચેની વિદેશ સચિવ સ્તરની વાતચીત ઉપર હવે સંકટના

● અનુસંધાન પાન-૭ પર

# ગુજરાતમાં પેટ્રોલ-ડીઝલ મોંઘા થયા

**ગુજરાત સરકાર દ્વારા પેટ્રોલ-ડીઝલ પર વેરા, સેસના દરમાં વધારો કરાયો : પેટ્રોલમાં લીટર દીઠ રૂ. ૧.૯૦નો વધારો થતા હવે ભાવ રૂ. ૬૨.૧૨ પૈસા થશે જ્યારે ડીઝલમાં રૂ. ૧.૮૨નો વધારો થતા હવે લીટરનો ભાવ રૂ. ૫૦.૧૩ થશે : સતત ઘટાડાના કારણે ગુજરાત સરકારની આવક પર વિપરિત અસર થયા બાદ દરમાં વધારો : પેટ્રોલ પર સેસ-વેરામાં ૩, ડીઝલ પર ૪ ટકાનો વધારો**

અમદાવાદ,તા. ૫

પેટ્રોલ અને ડીઝલ પર વેરા અને સેસના દરમાં ગુજરાત સરકારે વધારો કરી દીધો છે. પેટ્રોલમાં સેસ અને વેરામાં ત્રણ ટકાનો જ્યારે ડીઝલ પર સેસ-વેરામાં ચાર ટકાનો વધારો કરવામાં આવ્યો છે. આ વધારો કરવામાં આવ્યા બાદ સામાન્ય લોકોને મોટો ફટકો પડી શકે છે. કારણ કે, પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં જંગી વધારો થઈ શકે છે અને તીવ્ર મોંઘવારી વચ્ચે લોકોને મુશ્કેલી નડશે. છેલ્લા ઘણા વર્ષથી આમા કોઈ વધારો કરવામાં આવ્યો ન હતો. અન્ય રાજ્યોએ વાંરવાર વધારો કર્યો છે. દરમાં વધારો કરવામાં આવ્યા બાદ તેની સીધી અસર જોવા મળશે. જુલાઈ ૨૦૧૪થી પેટ્રોલ અને ડીઝલના ભાવમાં સતત ઘટાડો થઈ રહ્યો છે. ગુજરાત રાજ્યમાં ભાવ ઘટાડાના કારણે થતો લાભ સંપૂર્ણપણે ગ્રાહકોને આપવામાં આવે છે. પેટ્રોલ અને ડીઝલના ભાવમાં સતત થતાં ઘટાડાના કારણએ રાજ્ય સરકારની આવક પર ઘણી વિપરીત અસર થઈ છે. ગુજરાત સરકારે છેલ્લા નવ વર્ષથી પેટ્રોલ અને ડીઝલ પરના વેરાના દરમાં કોઈ વધારો કર્યો નથી. ગુજરાતની સરખામણીમાં અન્ય રાજ્યો જેવા કે ઓરિસ્સા, મધ્ય પ્રદેશ, ગોવા, રાજસ્થાન, કેરાલા, કર્ણાટક, તેલંગાણા, આંધ્રપ્રદેશ, મહારાષ્ટ્ર, વેસ્ટ બેંગાલ, પંજાબ, હરિયાણા તેમજ દેશના મોટાભાગના રાજ્યોએ છેલ્લા દોઢ વર્ષ દરમિયાન પેટ્રોલ અને ડીઝલ પરના વેરાના દરમાં વારંવાર વધારો કર્યો છે. હાલ પેટ્રોલ અને ડિઝલમાં થતાં સતત ભાવ ઘટાડાના પરિણામે રાજ્યની આવકમાં ઘણું નુકસાન થયેલ છે.

રાજ્યની આવકમાં થતાં આ ઘટાડાને હિસાબે વિકાસકાર્યો અને અન્ય પ્રજાકીય કાર્યો ઉપર પણ

● અનુસંધાન પાન-૭ પર




## આવકવેરા મુક્તિ મર્યાદા પાંચ લાખ કરવા માંગ

**બજેટ તૈયાર કરવાની સાથે સંબંધિત કવાયત શરૂ થઇ ત્યારે નાગરિકો તરફથી ૧૬૦૦થી વધુ સૂચન ડીઝલ કારના ઉપયોગ પર પ્રદૂષણ સેસ લાદવા માંગ**

નવી દિલ્હી,તા. ૫

કેન્દ્રિય નાણાં પ્રધાન અરૂણ જેટલી ફેબ્રુઆરી મહિનામાં રજૂ કરવામાં આવનાર સામાન્ય બજેટને લઈને વાતચીત સંબંધિત વિભાગો અને પ્રતિનિધીઓ સાથે શરૂ કરી ચુક્યા છે ત્યારે જુદા જુદા વર્ગ તરફથી રજૂઆતો પણ કરવામાં આવી ચુકી છે. જેટલીએ બજેટ દસ્તાવેજો ગુપ્ત રાખવા માટે પણ સજ્જ થઈ ગયા છે. નાણાં મંત્રાલયને હજુ સુધી સામાન્ય નાગરિકો પાસેથી ૧૬૦૦ અભિપ્રયા મળી ચુક્યા છે. જેમાં કેન્દ્રિય બજેટ પાસેથી સામાન્ય લોકો શુ અપેક્ષા રાખે છે તે નીચે મુજબ છે. મોટા ભાગના લોકો બજેટમાં આવકવેરા મુક્તિ મર્યાદામાં વધારો કરવામાં આવે તેમ ઈચ્છે છે. સ્ટાર્ટ અપને ટેક્સ બ્રેક આપવાની માંગ પણ કરી રહ્યા છે. ડીઝલ કારના ઉપયોગ પુર પ્રદુષણ લેસ લાગુ કરવાની માગં પણ કરવામાં આવી રહી છે. અરૂણ જેટલી આવતીકાલે છઠ્ઠી જાન્યુઆરીના દિવસે અર્થશાસ્ત્રીઓ અને ઈન્ડસ્ટ્રી સાથે વાતચીત કરશે. ૭મી જાન્યુઆરીના દિવસે આઈટી સેક્ટરના નિષ્ણાતો સાથે વાતચીત કરશે. ૧૧મી જાન્યુઆરીના દિવસે ફાઈનાન્સિયલ સેક્ટરના રેગ્યુલેટરો સાથે વાતચીત કરશે. ૧૨મી જાન્યુઆરીના દિવસે સામાજિક સેક્ટર, બેંક, નાણાંકીય સંસ્થાઓના પ્રતિનિધિઓ સાથે વાતચીત કરશે.


બજેટ પહેલાની ચર્ચાની બાબતને ખુબ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. સરકાર દ્વારા બજેટની કવાયતને વધુ સર્વગ્રાહી બનાવવાના હેતુસર વર્ષ ૨૦૧૬-૧૭ના બજેટ માટે લોકો પાસેથી સૂચનો પણ મંગાવ્યા છે. આ સૂચનો સરકારની વેબસાઈટ ઉપર મોકલી શકાય છે. સરકારે પહેલાથી જ ખર્ચ વિભાગના અધિકારીઓ, અન્ય મંત્રાલયો, વિભાગો સાથે વાતચીત કરીને પ્રક્રિયા શરૂ કરી લીધી છે.

## સેંસેક્સમાં ૪૩ પોઈન્ટનો ફરીથી ઘટાડો

મુંબઈ,તા. ૫

શેરબજારમાં આજે સતત બીજા દિવસે ઘટાડો રહ્યો હતો. ગઈકાલે મોટો કડાકો નોંધાયા બાદ આજે સેંસેક્સ ૪૩ પોઈન્ટ ઘટીને ૨૫૫૮૦ની સપાટીએ રહ્યો હતો જ્યારે નિફ્ટી ૯ પોઈન્ટ ઘટીને ૭૭૮૨ની સપાટીએ રહ્યો હતો. ઉથલપાથલના કારણે કારોબારીઓ દિશાહિન થયા હતા. બીએસઈ મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૦.૬ અને ૦.૭ ટકાનો સુધારો જોવા મળ્યો હતો. અગાઉના સેશનમાં મોટો કડાકો નોંધાવવા માટે વિવિધ પરિણામો જવાબદાર રહ્યા હતા.

બેસણું



અમારા પૂજ્ય પિતાશ્રી
વાઘેલા ભવાનસિંહ હમિરસિંહ
તા.૩-૧-૨૦૧૬ને રવિવારનાં રોજ અવસાન પામેલ છે. પ્રભુને ગમ્યુ તે ખરું, સદ્દગતનું બેસણું તા. ૦૭-૦૧-૨૦૧૬ને ગુરૂવારનાં રોજ સવારે ૮ થી ૧ કલાકે અમારા નિવાસ સ્થાને રાખેલ છે.
કાણ-મોકાણ બંધ રાખેલ છે
સ્થળ : પાલૈયા મહાકાળી ચોક, મહુડી રોડ, મું. પેથાપુર, તા.જી. ગાંધીનગર,
મો. ૯૮૨૫૩ ૧૧૩૧૮, ૯૯૦૪૬ ૧૮૨૨૧

| | |
|---|---|
| વાઘેલા શંકરસિંહ ભવાનસિંહ (SB) | વાઘેલા કરણસિંહ ગાંડાજી (KG) |
| વાઘેલા રતનસિંહ ભવાનસિંહ (લોક ગાયક, ફિલ્મ અભિનેતા) | વાઘેલા જશવંતસિંહ અમરસિંહ |
| | વાઘેલા ભીખુસિંહ બાલુસિંહ |
| વાઘેલા અજીતસિંહ ભવાનસિંહ | વાઘેલા મયુરસિંહ રણજીતસિંહ |
| વાઘેલા ઈન્દ્રસિંહ શંકરસિંહ | બલવીરસિંહ (ભાણેજ) |
| વાઘેલા કલ્યાણસિંહ શંકરસિંહ | યુવરાજ, આર્યન, રૂદ્ર |

હોટલ પથિકાશ્રમ
પાર્ટી પ્લોટ
લગ્ન પ્રસંગ તથા શુભ પ્રસંગોની ઉજવણી માટેનું ઉત્તમ સ્થળ
• ગુજરાતી થાળી • મલ્ટી ક્યુઝન રેસ્ટોરન્ટ
• કાફે (24x7) • બેન્કવેટ્સ • રૂમ્સ (A.C/Non A.C)
98258 01780/82

7મી વખત ગાંધીનગરમાં



ARAVALLI Art & Craft Festival - 2016
છેલ્લા 5 દિવસ
ભારતના વિવિધ પ્રાંતોના કુશળ કારીગરો દ્વારા બનાવેલી આકર્ષક હસ્તકલાની વસ્તુઓનું
પ્રદર્શન અને વેચાણ
TIME : 11.00 AM to 10.00 PM
હેન્ડીક્રાફ્ટ● ટેક્સટાઈલ ● હેન્ડમેડ પ્રોડક્ટસ ● ટેરાકોટા ● જ્વેલરી
રાજસ્થાની કાષ્ઠ શિલ્પ, પેન્ટીંગ, ગુજરાતી એમ્બ્રોયડરી, બેટ શીટ્સ, પડદા, કાશ્મીરી હસ્તકલા અને કપડા, કલકત્તાની સાડી, જ્વેલરી, કલકત્તાનું ટેકારોટા તથા કાપા કોટન ટોપ્સ
એન્ટ્રી પાર્કીંગ ફ્રી
ઘ-3 સર્કલ, સેક્ટર-૬ ગ્રાઉન્ડ, ગાંધીનગર